**સુરતના બીજી મજુર અદાલતના ન્યાયધીશશ્રી એચ.કે.મેરીયા સાહેબની કોર્ટમાં**

**ફોજદારી કેસ નં.૨૧૬/૨૦૨૬**

**આંક-૧૬**

**ફરિયાદી- સરકાર પક્ષે શ્રી.ડી.એસ.બલ્યા,નિરીક્ષકશ્રી,તાપી**

**વિરુધ્ધ**

**આરોપી-(૧) શ્રી કૃષિ ટ્રેકટર્સ(સંસ્થા)**
બ્લોક નં.૨૭,પ્લોટ નં.સી-૫,શાંતિનગર,તાડકુવા,
તા.વ્યારા,જી.તાપી-૩૯૪૬૫૦

**(૨) શ્રી મંથનકુમાર સુરેશભાઇ પટેલ,(ભાગીદાર),ઉ.આ.વ.૩૭,**
ઘલા ગામ,ધોબી ફળીયું,તા-કામરેજ,જી.સુરત-૩૯૪૧૫૫

**ગુનોઃ- લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ અને અધિનિયમ હેઠળનાં ગુજરાત નિયમો ૧૯૬૧ ના નિયમ- ૨૬(ડી),૨૬(૨),૨૬(બી)(૧),૨૨,૨૧(૪) ના ભંગ બદલ**

**-: ચુકાદોઃ-**

ઉપરોકત જણાવેલ આરોપીઓ સામે લઘુત્તમ વેતન નિરીક્ષકશ્રી,તાપી નાએ ઉપર જણાવ્યા મુજબના ગુન્હા માટે ફરિયાદ નોંધવી છે.ત્યારબાદ આરોપીઓને સદરહુ ગુના માટે સમન્સ કાઢતા નામ.કોર્ટમાં રૂબરૂ આરોપી હાજર થતાં તેઓને ફરિયાદની નકલ આપી.તેઓને ફરિયાદમાં જણાવેલ તહોમત મારી રૂબરૂ વાંચી સંભળાવી સમજાવતા તેઓએ તેમની સામે થયેલા ગુના અંગે સ્વૈચ્છિક કબુલાતનું લેખીત નિવેદન **આંક-૧૨ અને આંક-૧૩** થી રજુ કરેલ છે અને **આંક-૧૪ તથા આંક-૧૫** થી સ્વૈચ્છિક કબુલાત પુરસીસ આપી માત્ર દંડની સજા કરવા વિનંતી કરી છે.

આરોપીઓએ ગુનો સ્વેચ્છાએ કબુલ કરતાં હોવાનુ તથા કોઇ પણ જાતની લાલચ કે દબાણ વિના કબુલાત પુરસીસ રજુ કરી સહી કર્યાને કબુલ કરેલ છે.વધુમાં,આરોપીઓએ જણાવેલ છે કે,તેઓ આરોપીઓનો ગુનો કરવાનો કોઇ ઈરાદો ન હતો,અજાણતા અને કાયદાની અજ્ઞાનતાને કારણે ગુનો બનવા પામેલ છે.આ ગુના બદલ તેઓ અફસોસ વ્યકત કરી પસ્તાવો જાહેર કરે છે અને ભવિષ્યમાં આવો કોઇ ગુનો ન બને તેની પુરેપુરી ખાત્રી અને ભરોસો આપે છે તેઓને કેદની સજા કરવામાં આવે તો ધંધા રોજગાર બંધ પડે તેમજ તેઓના પરિવારને અને તેમજ સંસ્થાના કામદારોને પણ તેનો ભોગ બનવુ પડે તેવી પરિસ્થિતીનો નિર્માણ થાય છે

જેથી તેઓ આરોપીઓને માત્ર દંડની જ અને તે પણ કાયદાની જોગવાઈથી ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

આરોપીઓએ પ્રથમ તબકકે સ્વેચ્છાએ કબુલાત કરી હોય તેમની કબુલાત સ્વીકારી તેઓને ઉકત નિયમોના ભંગ બદલ લઘુત્તમ વેતન અધિનિયમ–૧૯૪૮ ની કલમ–૨૨(એ) અન્વયે શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરે છે.આરોપીઓ સામે આક્ષેપીત ગુનાનો પ્રકાર,ગુનાની ગંભીરતા, સજાનું પ્રમાણ આરોપીઓની સામાજીક આર્થિક જવાબદારી, આરોપીઓનો પુર્વ ઈતિહાસ વિગેરે તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદ ઠાકોર,૨૦૦૫(૧) જી.એલ.આર.પાના નં.૭૦૯ પર આપવામાં આવેલા ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા આરોપીઓને વધુ સજા ન કરતા માત્ર દંડની સજા કરવાથી હેતુ જળવાય તેમ હોય નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**– આખરી હુકમ –**

આરોપીઓને લઘુત્તમ વેતન અધિનિયમ–૧૯૪૮ અને અધિનિયમ હેઠળનાં ગુજરાત નિયમો ૧૯૬૧ના નિયમ–૨૬(ડી),૨૬(૨),૨૬(બી)(૧),૨૨, ૨૧(૪) ના ઉલ્લંઘન બદલ સદરહું અધિનિયમની કલમ–૨૨એ મુજબ શિક્ષાપાત્ર ગુના અંગે દરેક નિયમના ઉલ્લંઘન માટે તકસીરવાર ઠરાવી દરેક આરોપીને **રૂ.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા)** નો દંડ ભરવા અને જો દંડ ન ભરે તો તેના કસુર બદલ દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ મુજબ સદર કામે કુલ **રૂ.૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા)** વસુલ મેળવવા.

આ હુકમ આજરોજ તારીખ–૧૪ મી માહે–માર્ચ સને ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગ અદાલતમાં મારી સહી કરી વાંચી સંભાળવી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
સુરત

**(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)**
એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
મજુર અદાલત નંબર–૨,સુરત
Code No.GJ01279